CITY pulse

email: citypulse@gujaratmitra.in


ગુજરાતમિત્ર

શુક્રવાર ૧૦ એપ્રિલ, ૨૦૨૬

## દરેક ક્ષેત્રે ટેક્નોલોજી અપનાવતા સુરતીઓ

# હાઈરાઈઝ કોમ્પ્લેક્સથી લઈ સોસાયટીઓના મેનેજમેન્ટ અને સિક્યોરિટીમાં ઓટોમેશન

**એક સમય હતો કે જ્યારે લોકોના ઘરોની બહાર દરવાજા પર ઘંટડીઓ લટકાવવામાં આવતી હતી. દરવાજો ખોલાવવા માટે આ ઘંટડીઓ વગાડવામાં આવતી અને દરવાજાઓ ખૂલતાં હતાં. આજે એવો સમય આવી ગયો છે કે દરવાજા ખોલાવવા માટે મોબાઈલમાં ઘંટડીઓ વગાડવી પડે છે. આજનો જમાનો ઓટોમેશનનો છે. એટલે કે જેમાં વ્યક્તિએ મહેનત કરવી પડે નહીં. સુરતમાં અનેક બિલ્ડરો દ્વારા જ્યારે સોસા. તૈયાર કરવામાં આવે ત્યારે વિવિધ મોબાઈલ એપ્લિકેશન થકી આવી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવશે. અનેક સોસાયટીમાં સર્વિસ સોસાયટી દ્વારા આવી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવે છે. ફેરિયો કે પછી કોઈ મહેમાન સોસા.માં આવે તો તેણે જે તે વ્યક્તિના ઘરે જવા માટે મોબાઈલથી QR કોડ સ્કેન કરવો પડે છે. તે વ્યક્તિ પરમિશન આપે પછી જ તેના ઘરે જઈ શકાય છે. આ તો એક વ્યવસ્થા થઈ, વાહનોની અવરજવરથી માંડીને વાહનોના પાર્કિંગ તેમજ સોસા.ના હિસાબથી માંડીને સોસા.માં થતી ફરિયાદોનો નિકાલ પણ ઓટોમેશન દ્વારા જ કરવામાં આવે છે. આજનો જમાનો જ ઓટોમેશનનો છે ત્યારે આવો જાણીએ સુરતમાં ક્યાં અને કેવી રીતે સોસા.થી માંડીને એપાર્ટમેન્ટમાં ઓટોમેશનનો ઉપયોગ થાય છે.**



ટેક્નો ટ્રેન્ડ



### ડુમસ રોડના સ્વસ્તિક યુનિવર્સલ ટાવરમાં સેન્સરથી કેટલું પાર્કિંગ અવેલેબલ છે તે જાણવાની સિસ્ટમ છે

સરગમ બિલ્ડર્સના ડિરેક્ટરના જણાવ્યા પ્રમાણે, સુરત ડુમસ રોડ પર સ્વસ્તિક યુનિવર્સલ ટાવરમાં કાર માટે એક્સેસ કન્ટ્રોલ સિસ્ટમ છે. આ ટાવરમાં ઓફિસિસ ધરાવતા ઓનર્સની કાર માટે ટેગ સિસ્ટમ એન્ટ્રી એક્ઝિટ માટે છે. ટેગ ઓટો ડિટેક્ટ થાય પછી બૂમ બેરીયરનું મુવમેન્ટ થતા ગાડી અંદર લાવી શકાય. સેન્સર્સથી પાર્કિંગ કેટલું અવેલેબલ છે તે જાણી શકાય છે. આ ઉપરાંત આ ટાવરમાં બૂમ બેરીયર સિસ્ટમ છે. જેમાં સોફ્ટવેર એડ કરાયું છે. કોઈ વિઝિટર્સ તેની ગાડી પાર્ક કરીને આ કોમર્શિયલ ટાવરમાં પ્રવેશ કરે તો 30 મિનિટ તેને ફ્રી પાર્કિંગ મળે પછી ચાર્જ લાગે. વિઝિટર્સને એન્ટર થતાં ટિકીટ અપાય જેમાં ટાઇમિંગ હોય.

### અમે એપમાં જાણ કરી દઈએ કે જેથી સિક્યુરિટીવાળો ડિલીવરી બોયને રોકે નહીં: કમલબેન અગ્રવાલ



વેસુમાં રાજહંસ રોયલ્ટનમાં રહેતા કમલબેન અગ્રવાલે જણાવ્યું કે, અમારે ત્યાં 8 ટાવરમાં આશરે 200 ફ્લેટ છે. અમારા કેમ્પસમાં ડિલીવરી બોય આવવાનો હોય તો મોબાઈલ એપ્લિકેશનમાં રિક્વેસ્ટ નાખીએ આ સમયે આ વ્યક્તિ આવશે એટલે સિક્યુરિટીવાળો તેને રોકશે નહીં. જો અમે પરમિશન નહીં આપી હોય અને ડિલિવરી બોય આવે તો સિક્યુરિટીવાળો એપમાં રિક્વેસ્ટ નાખશે. જેનું નોટિફિકેશન અમારા મોબાઈલ પર આવે છે. જો નોટિફિકેશન નહીં જોયું તો મોબાઈલ ફોનના ચાર જેટલા નંબર એપમાં રજિસ્ટર્ડ હોય એની પર સિક્યુરિટી ગાર્ડનો ફોન આવે છે. જેને પગલે ઘરમાલિક મંજૂરી આપે તો જે તે વ્યક્તિને પ્રવેશ મળે છે.

### આજકાલ મોબાઈલ એપથી સોસા.ના ઈવેન્ટનું પણ પ્લાનિંગ થઈ જાય છે: ડીલર ધ્રુવ કોલડીયા



મોબાઈલ એપ્લિકેશનના ડીલર ધ્રુવ કોલડીયાએ જણાવ્યું હતું કે, એવી પણ મોબાઈલ એપ છે કે જેમાં સોસાયટીના નવરાત્રી કે ગણેશ ઉત્સવ કે અન્ય ઇવેન્ટ પણ એપ્લિકેશનમાં જનરેટ થઈ જાય. ઇવેન્ટમાં નાસ્તા કલેક્શન માટે ઓનલાઈન પેમેન્ટ તથા ડ્રેસકોડ અને બીજા પ્લાનિંગ એપ્લિકેશનમાં થઈ જાય. તમારી ગાડીની આગળ બિલ્ડીંગના કોઈ બીજા વ્યક્તિની ગાડી ઉભી છે તો તમે એપમાં એ કારનો નંબર નાખીને વિગતો લઈને તેને ગાડીસ ખસેડવા માટે કહી શકો છો. તમારા ફ્લોર પરની લાઈટ બંધ છે તમે તેનો ફોટો પાડો અને એપમાં મૂકી દો એટલે કમ્પ્લેન્ટ મેનેજમેન્ટ કમિટી પાસે તેનું રિમાઈન્ડર જ્યાં સુધી પ્રશ્ન સોલ્વ નહીં થાય ત્યાં સુધી જશે.

### મોબાઈલ એપ દ્વારા જ ડિજિટલ પેમેન્ટ માટે બેંકનો QR કોડ શેર કરી શકાય છે: પ્રણેશ અગ્રવાલ



પાલ ખાતે આવેલી વિઠ્ઠલ સૃષ્ટિ સોસા.માં રહેતા સીએ પ્રણેશ અગ્રવાલે જણાવ્યું હતું કે, અમારી સોસા.માં મોબાઈલ એપ થકી જ વિઝિટરને પ્રવેશ મળે છે. ફેરિયા હોય કે કોઈપણ, એપ મારફત ક્યુઆર કોડ સ્કેન કર્યા બાદ તેની જાણ જે તે ઘરમાલિકને થાય છે. ઘરમાલિક દ્વારા સંમતિ આપ્યા બાદ જ જે તે વ્યક્તિ પ્રવેશ કરી શકે છે. એપ દ્વારા જ ડિજિટલ પેમેન્ટ માટે બેંકનો ક્યુઆર કોડનો પણ ઉપયોગ થાય છે. આ ઉપરાંત અમે સીસીટીવી કેમેરા પણ ઓટોમેશન મોડ પર લગાડ્યા છે કે જે સેન્સરથી વ્યક્તિને ઓળખીને કામગીરી કરે છે.

### અમે પર્સનલ પાર્કિંગમાં એવી વ્યવસ્થા કરીએ છીએ કે અન્ય કોઈની કાર પાર્ક થાય જ નહીં: બિલ્ડર અભિષેક કોરાટ



રઘુવિર બિલ્ડર્સના અભિષેક કોરાટે જણાવ્યું હતું કે, વિઝિટર્સ અને સોસા.નો હિસાબ રાખવો જેવી મોબાઈલ એપથી વ્યવસ્થા થાય છે, ઉપરાંત વ્હીકલ એન્ટ્રી જેવી વ્યવસ્થા એપથી કરવાનું આયોજન અમે કરી જ આપીએ છીએ અને આવી વ્યવસ્થા અનેક સોસા.માં હોય જ છે પરંતુ અમારી વિશેષતા એ છે કે અમારા પ્રોજેક્ટ રઘુવિર સત્વા, રઘુવિર સ્પ્લેક્ષ અને રઘુવિર સ્પેક્ટ્રમમાં અમે જે તે ફ્લેટધારકને જો તેનું પર્સનલ પાર્કિંગ આપ્યું હોય તો તે પાર્કિંગની ફરતે બેરિકેડ લગાડી દેવામાં આવે છે. આ બેરિકેડ એવા છે કે નક્કી કરેલી કાર આવે તો જ બેરિકેડ ખુલે છે. જો અન્ય કોઈ વ્યક્તિ પોતાની કાર મુકવા પ્રયાસ કરો તો બેરિકેડ ખુલશે જ નહીં.

## કેવી રીતે આ ઓટોમેશનની સિસ્ટમ ચાલે છે?



- **સિક્યુરિટી અને વિઝિટર મેનેજમેન્ટ:** સોસાયટીના મુખ્ય દરવાજે સુરક્ષા જાળવવા માટે આ સિસ્ટમ સૌથી મહત્વની છે. કોઈપણ મુલાકાતી કે ડિલિવરી બોય આવે ત્યારે રહેવાસીને એપ પર નોટિફિકેશન મળે છે, જ્યાંથી તેઓ 'Allow' કે 'Deny' કરી શકે છે. ઉપરાંત સોસાયટીના સિક્યુરિટી ગાર્ડ, સફાઈ કામદારો અને ઘરઘાટીની હાજરી ડિજિટલી નોંધવામાં આવે છે.

- **ફરિયાદ નિવારણ:** સોસાયટીમાં નળ રિપેરિંગ, લાઈટની સમસ્યા કે અન્ય કોઈ ફરિયાદ માટે ઓફિસ સુધી જવાની જરૂર રહેતી નથી. એપ્લિકેશનમાં મેસેજ મુકવાથી તે જે તે પ્લમ્બર કે પછી ઈલેક્ટ્રિશિયન સુધી પહોંચી જાય છે અને તેનો નિકાલ થાય છે. સોસા.નો રહીશ એપ પર ફોટો સાથે ફરિયાદ નોંધાવી શકે છે અને તેનું સ્ટેટસ ચેક કરી શકે છે.

- **મેન્ટેનન્સ અને બિલિંગ સિસ્ટમ:** મેન્ટેનન્સની ઉઘરાણી અને હિસાબ માટે પણ મોબાઈલ એપ્લિકેશનથી કામગીરી કરવામાં આવે છે. જેણે મેઈન્ટેનન્સ આપી દીધું કે પછી જેનું મેઈન્ટેનન્સ બાકી છે તેનો હિસાબ આ એપ્લિકેશન દ્વારા રાખવામાં આવે છે. સોસાયટીના માસિક ખર્ચ અને આવકનો રિપોર્ટ દરેક સભ્ય આ એપ પર પોતાના મોબાઈલમાં જોઈ શકે છે.




- **કાર એન્ટ્રી:** કારના કાંચ પર ફાસ્ટેગ જેવું સ્ટીકર ચીપકવેલું હોય. કાર બિલ્ડીંગ પાસે આવે કે દૂરથી જ મશીન પર સ્કેનિંગ થશે અને ગેટ પરનો બેરિયર રોડ ખુલી જશે અને ગાડીને પ્રવેશ મળશે. જો વિઝિટર્સની કાર હોય તો એપ પર ગેસ્ટની કારનો નંબર એડ કરવાનો હોય છે. અને તે નોટિફિકેશન વિઝિટર બતાવો એટલે તેને પ્રવેશ મળે છે.

- **કોમ્યુનિકેશન અને નોટિસ બોર્ડ:** ઓટોમેશનમાં મોબાઈલ એપનો ઉપયોગ કરીને મહત્વની સૂચનાઓ દરેક ઘર સુધી પહોંચાડવામાં આવે છે. સોસાયટીની મીટિંગ કે ઉત્સવની જાણકારી 'પુશ નોટિફિકેશન' દ્વારા તુરંત મળે છે. સોસા.ના દરેક સભ્યોને આવી રીતે સૂચનાઓની જાણકારી મળે છે.



- **સુવિધાઓનું બુકિંગ:** એપ્લિકેશન દ્વારા સોસાયટીમાં આવેલા કોમન પ્લોટ, ક્લબ હાઉસ કે અન્ય સુવિધાઓના બુકિંગ પણ કરવામાં આવે છે. આનો ફાયદો એ છે કે એપ્લિકેશનમાં જ જોઈ શકાય છે કે કયા દિવસે ક્લબ હાઉસ ખાલી છે.

---

# દોઢસો વર્ષનું છે ઝાંપાનું કુંભારવાડ, અહીંની 100થી વધુ માટીની વેરાયટીનું આકર્ષણ

મોડર્ન જમાનામાં ફ્રિજની સગવડ હોવા છતા ઘરોમાં માટલામાં પાણી પીવાનો તથા માટીના વાસણ વાપરવાનો ક્રેઝ જોવા મળે છે. તમને કદાચ ખ્યાલ નહીં હોય પણ માટીની વસ્તુઓ માટે ફેમસ સુરત સિટીમાં 9 જેટલા કુંભરવાડ છે જેમાં ગલેમંડી, રુદરપુરા, ઝાંપા બજાર કુંભરવાડનો સમાવેશ થાય છે. ઝાંપા બજારનું કુંભારવાડ લગભગ 150 વર્ષ જૂનું હોવાનું કહેવાય છે. પહેલા કુંભરવાડમાં માટલાઓનો વેપાર સીમિત હતો પણ હવે માટીની 100થી વધુ વસ્તુઓ બનતી હોવાથી આ કુંભારવાડના બિઝનેસનો વ્યાપ વધતો જ જાય છે. ઝાંપા બજારના કુંભારવાડમાં તમે પહોંચશો તો ત્યાં કલરફૂલ ચિત્રથી સજાવેલા ધ્યાનાકર્ષક માટલા પર નજર પડ્યા વગર નહીં રહે. અહીં ગરબી અને લગ્નની માટલીઓ સરસ રીતે શણગારેલી જોવા મળશે. ઝાંપા બજારનું કુંભરવાડ કઈ રીતે અસ્તિત્વમાં આવ્યું. અહીંના કુંભારી કામ કરતા મુસ્લિમ પરિવારો સુરતમાં અહીંયા ક્યાંથી આવ્યા. પહેલા લારી પર માટલા વેચવા આ પરિવારો જતા હવે લોકો સામેથી તેમને ત્યાં માટીથી બનાવેલા ડેકોરેટિવ પીસ અને ઘડા લેવા કેમ આવે છે, અમુક પરિવારોએ આ બિઝનેસ કેમ બદલ્યો ? તેના વિશે ચાલો જાણીએ...

CITY સ્કેચ



### પહેલાંના વર્ષો કરતા હવે ડિમાન્ડ વધી, હવે 100થી વધુ વેરાયટી

પહેલા સાદા નળ વગરના માટલા, ફૂલઝાડ માટેના કુંડા અને કોડિયાની ડિમાન્ડ રહેતી. જોકે, હવે તો મટકા, કુંડા, તંદુર જેમાં રોટી શેકાય છે તે, શો પીસ ફાઉન્ટેન, લાલટેન, તાવડી, હેંગીંગ લાલટેન, ઝૂમ્મર, નવરાત્રીની ગરબી, ગરમીની સીઝનમાં માટલા, જન્માષ્ટમી પર મટકી, દિવાળી પર કોડિયા, લગ્નપ્રસંગ માટે ગણેશ માટલીની ડિમાન્ડ હોય છે. રરેસ્ટોરન્ટ વાળા હાંડી, દમ બિરયાની માટે કાળા માટલા, રોટી શેકવા તંદુરની ડિમાન્ડ કરે છે. 100 વર્ષની આયુ ધરાવતા જૈબુનબેને જણાવ્યું કે પહેલા અમે જાતે માટલા બનાવતા. ત્યારે તો સુરતમાં ઘરે ઘરેથી માટી મળી જતી. એ સમયે માટીના સાદા માટલા, કોડિયા, કુંડાનું જ માર્કેટ રહેતું.

### લગ્ન સહિતના પ્રસંગોમાં માટી કામના લાઈવ શો કરવા બોલાવે

ફિરોઝભાઈ માટલીવાળાએ જણાવ્યું કે, લગ્નનું ફંક્શન હોય કે બીજા કોઈ મેળા હોય ત્યારે પાર્ટી દ્વારા માટલા બનાવવા અને અન્ય માટીના શો પીસ લાઈવ બનાવવા માટે અમને બોલાવે છે. ત્યાં લોકો જસ્ટ મનોરંજન





મળી રહે તે માટે માટી કામ શીખવા પણ બેસતા હોય છે. ડેકોરેટિવ માટલીનો ટ્રેન્ડ છેલ્લાં 10 વર્ષથી છે. હવે અમે માટલીઓ જાતે નથી બનાવતા પણ તેને મિરર, ટીક્કી, સ્ટોન લગાવી માટલીને ડેકોરેટિવ બનાવીએ.

### 150 વર્ષ પહેલાં આ રીતે ઝાંપા બજારનું કુંભારવાડ અસ્તિત્વમાં આવ્યું



હાફિઝભાઈ માટલાવાળા દ્વારા જણાવવામાં આવ્યું કે, 150 કરતાં વધુ વર્ષો પહેલા ઝાંપા બજારનું કુંભારવાડ અસ્તિત્વમાં આવ્યું હતું. તેમના વડવાઓ ખંભાતના દરિયા વાટે સુરત કામધંધાની તલાશમાં આવ્યા હતાં ત્યારે તો અહીંની ખુલ્લી જગ્યા તે સમયના નવાબ દ્વારા તેમને ભેંટમાં આપવામાં આવી હતી. બે ફેમિલી જ ત્યારે આવી હતી તેમાંથી આ કુંભરવાડ મોટું થયું. પહેલાં અહીં ચાકડા પણ ચાલતા અને ભઠ્ઠીમાં માટલા પકવતા હતાં પણ હવે ભઠ્ઠી પર બેન લાગ્યો હોવાથી માટલા અહીં નથી બનતા પણ બહારથી માલ મંગાવી સુરતીઓની જરૂરિયાત પૂરી કરવામાં આવે છે.

### આ ધંધામાં રિસ્ક ફેક્ટર વધ્યું, કેટલાકે ધંધો બદલ્યો

**કુંભરવાડના કેટલાંક લોકોનુ કહેવું હતું કે હવે માલ બહારથી લાવીએ તો પેમેન્ટ ત્યારે જ કરી દેવાનું હોય પછી માલ સુરત ટ્રાન્સપોર્ટમાં આવે તો તેમાં નુકસાનની જવાબદારી આ વિક્રેતાઓની રહે છે એટલે રિસ્ક ફેક્ટર હવે વધ્યું છે. હવે તેમના બાળકો પણ ઊંચ શિક્ષણ મેળવી રહ્યાં છે. આ ધંધામાંથી મળતા પૈસામાંથી જ બાળકોને ભણાવી ઉચ્ચ પોસ્ટ પર બાળકો જાય તેવી ખેવના રાખે છે. અહીં 10થી 15 ઘર છે જેમાંના કેટલાંક ફાસ્ટ ફૂડના કેટલાંક હાર્ડવેરના તો કેટલાંક ટ્રાવેલના બિઝનેસ તરફ વળ્યા છે.**